ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ગિરીશચંદ્ર તારાચંદ ઝાટકીયા
ડિરેક્ટર, ગાંધીનગર અર્બન કો-ઑપ. બેન્ક લિ.
ઉપપ્રમુખ, શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, કારોબારી સભ્ય, શ્રી કાઠિયાવાડ જૈન સમાજ, અ'વાદ
મો. ૯૦૯૯૦ ૭૩૪૪૪
૯૪૦૯૪ ૦૭૮૫૮



ગુણવંતલાલ સોની
ફોન : ૨૩૨૪૪૧૬૧
મો. ૯૪૨૭૫ ૨૦૯૭૪



હર્ષદભાઈ એચ જોષી
મો. ૯૯૦૯૯ ૫૦૦૮૦



ખુશી હેમાંગભાઈ ગાંધી



અરના અઝહર મનસુરી
મો. ૯૮૨૪૨ ૭૨૯૧૭

### સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના સહયોગથી

# ગાંધીનગર બ્રહ્માકુમારીઝ દ્વારા શનિવારે રસોઈ શો

## સલાડ મેકિંગ સ્પર્ધા પણ યોજાશે : બંને ઉપક્રમોમાં ભાગ લેવા અર્થે નામ નોંધાવવા માટે આજે અંતિમ દિવસ

ગાંધીનગર, તા. ૧૬

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના સહયોગથી ૧૮ ફેબ્રુઆરી, શનિવારના રોજ બપોરે ૨થી ૪ દરમિયાન એક રસોઈ શોનું આયોજન કવામાં આવ્યું છે.

અનેકવિધ લોકોપયોગી પ્રવૃત્તિઓમાં રત આ બંને સંસ્થાઓ દ્વારા આગામી વિશ્વ મહિલા દિવસ નિમિત્તે આ અનોખા ઉપક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રસોઈ શોમાં ભાગ લેવા નગરનાં મહિલાઓને આયોજક બંને સંસ્થાઓ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સલાડ મેકિંગ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. રસોઈ શો અને સલાડ મેકિંગ સ્પર્ધામાં ભાગ લેવા માગતાં મહિલાઓને આ માટે પોતાનાં નામ તારીખ ૧૭ ફેબ્રુઆરી સુધીમાં બ્રહ્માકુમારીઝ, સૅક્ટર-૨૮, ગાંધીનગર (મોબાઈલ નંબર ૯૯૭૮૧ ૧૫૦૮૯)નો સંપર્ક કરી નોંધાવી દેવા સંસ્થા દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સરકારી વિજ્ઞાન કૉલેજ દ્વારા પૅરેન્ટ્સ-ટીચર મીટિંગ યોજાઈ

## આચાર્ય તથા અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કેરિયર અને ઉચ્ચ અભ્યાસની તકો વિશે વિશદ માહિતી અપાઈ

ગાંધીનગર, તા. ૧૬

સરકારી વિજ્ઞાન કૉલેજ દ્વારા વાલી મંડળની મીટિંગનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

વર્તમાન શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓના વાલીઓ આ મીટિંગમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ડૉ. કે જી છાયાએ વાલીઓને મળીને આજના સમયની જરૂરિયાત મુજબ વ્યવસાય, યોગ્ય પ્લેસમૅન્ટ અને ઉચ્ચ અભ્યાસ માટેની કઈ તકો વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે તેની વિશદ ચર્ચા વાલીઓ સાથે કરી હતી અને તેમને જરૂરી સલાહ-સૂચનો પણ કર્યા હતાં. આ ઉપરાંત દરેક વિભાગીય અધ્યક્ષે પોતાના વિષયમાં કેરિયર અને ઉચ્ચ અભ્યાસની તકો વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. શીતલબેન પી જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચિત્રલેખા સ્પર્ધામાં ઍવોર્ડ વિજેતા નાટક શનિવારે ગાંધીનગર શહેરમાં ભજવાશે




## કલાગુર્જરી સંસ્થાના ઉપક્રમે વિલોપન દેસાઈ લિખિત અને પંકજ પાઠકજી દિગ્દર્શિત લાગણીપ્રધાન નાટક 'સરિતા'નું મંચન શહેરના ટાઉનહૉલમાં કરાશે

ગાંધીનગર, તા. ૧૬

સંસ્કાર નગરી ગાંધીનગરની કલાપ્રેમી જનતા સમક્ષ સમૃધ્ધ અને માણવાલાયક સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવા હંમેશાં પ્રયત્નશીલ ગાંધીનગરની જાણીતી સંસ્થા કલાગુર્જરી દ્વારા શનિવારે ઍવોર્ડ વિજેતા નાટકના મંચનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ ઍન પી પટેલે જણાવ્યું છે કે કલાગુર્જરી દવારા પોતાા ૧૦મા વર્ષના પાંચમા કાર્યક્રમ તરીકે ચિત્રલેખા નાટ્ય સ્પર્ધાનું ઍવોર્ડ વિજેતા નાટક 'સરિતા' પ્રસ્તુત થઈ રહ્યું છે. જ્યાં જ્યાં આ નાટક રજૂ થયું છે ત્યાં ત્યાં હૃદયના ખૂણા ભીંજવીને માનવ ઊર્મિઓ અને લાગણીઓને સ્પર્શ્યું છે. આવું અનોખું નાટક માણવાની અમૂલ્ય તક હવે ગાંધીનગરના કલાપ્રેમીઓને પ્રાપ્ત થઈ રહી છે. નાટકની પ્રસ્તુતિ સલીલ ઉપાધ્યાય દ્વારા થશે, જેના લેખક વિલોપન દેસાઈ, દિગ્દર્શક પંકજ પાઠકજી અને નિર્માણ દક્ષા ઉપાધ્યાયનું છે.

કલાગુર્જરીના સભ્યો માટે આયોજિત આ કાર્યક્રમ આગામી તા. ૧૮ ફેબ્રુઆરી ને શનિવારે રાત્રે ૯.૩૧ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાઈ રહ્યો છે, જેમાં ઉપસ્થિત રહેવા સૌ સભ્યોને તેમણે ઈજન પાઠવ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

આખુંયે જગ લાગે પ્યારું
ગુજરાતી છું
ઈશ્વર પાસેનું ઘર મારું
ગુજરાતી છું
દુખને દરવાજો બંધ કરી
પીધું ગટગટ
સુખને રાખ્યું છે સહિયારું
ગુજરાતી છું

- હરદ્વાર ગોસ્વામી

## ગુજરાત ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા આધુનિક વાર્તા વિષયે બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા ''જદીદ ઉર્દૂ અફસાના (આધુનિક વાર્તા)'' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આગામી તા. ૧૯ અને ૨૦ ફેબ્રુઆરી-૨૦૧૭, રવિવાર-સોમવારના રોજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યુ છે. આ સેમિનારમાં દિલ્હી, અલીગઢ, હૈદ્રાબાદ, ઉજ્જૈન જેવા દેશભરના વિવિધ સ્થળોએથી ઉર્દૂના સુખ્યાત સાહિત્યકારો ઉપસ્થિત રહેશે. આ સેમિનારનો પ્રારંભ અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાના અધ્યક્ષપદે તા.૧૯મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૦૦ કલાકે અહિંસા શોધ ભવન, સેમિનાર હોલ, ગૂજરાત વિદ્યાપીઠ ખાતેથી થશે તેમ ગુજરાત સાહિત્ય અકાદમીની અખબારી યાદીમાં જણાવાયુ છે.





શ્રી ચંદ્રશેખર વિશ્વ મહાવિદ્યાલય યુનિવર્સિટી, કાંચીપુરમ, તામિલનાડુ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને ટીચર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાને ડીલિટની પદવીથી નવાજવામાં આવ્યા છે. આ પ્રસંગે લેવામાં આવેલી તસવીરમાં એક ગરિમાપૂર્ણ સમારોહ અંતર્ગત ડૉ. જોશીપુરા ચાન્સેલર અને વાઈસ ચાન્સેલરના હસ્તે ડિગ્રી સ્વીકારી રહેલા દશ્યમાન થાય છે. પૂ. શંકરાચાર્યજી જયેન્દ્ર સરસ્વતીજી દ્વારા આ પ્રસંગે આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા.





શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરા ખાતે ખેલ મહાકુંભમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર વિતરણનો કાર્યક્રમ ગ્રામ પંચાયતના સરપંચ રણજિતસિંહ વાઘેલાના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવ્યો હતો.

શાળાના આચાર્ય તેજસિંહ પરમારે પ્રાસંગિક પ્રવચનમાં શાળાની સિદ્ધિઓને બિરદાવતાં જણાવ્યું હતું કે શાળાના ૬૮ વિદ્યાર્થીઓ કુસ્તી, જુડો, ચેસ, યોગાસન તેમજ ઍથ્લેટીક્સ સ્પર્ધામાં સુંદર દેખાવ કરીને જિલ્લામાં ચોથા સ્થાને વિજેતા ક્રમ પ્રાપ્ત કરી આવ્યા છે. આ વિજેતા ક્રમ સાથે કુલ રૂપિયા ૨,૬૮,૦૦૦નું ઈનામ પણ તેમણે પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

પ્રત્યેક વિજેતા વિદ્યાર્થીને રોકડ રકમ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. સરપંચના હસ્તે વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતને પણ આ સિદ્ધિ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, પંચાયતના સભ્ય કમલેશભાઈ પટેલ, વિજેતા વિદ્યાર્થીઓના વાલીઓ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રેમ વગરનાં લગ્નો અને લગ્ન વિનાનો પ્રેમ




mmtrivedi007@gmail.com

સભ્ય સમાજના સવાલો વધુ પેચીદા અને કાતિલ થઈ ગયા છે. આજના માનવી પાસે બધું જ હોવા છતાં તેની પાસે કશું જ નથી, તેની દુનિયા ડિજીટલ-ભ્રામક-છળ ભરેલી થઈ ગઈ છે ! ભણતર કે અભ્યાસનો તબક્કો પૂરો થાય ત્યારે યુવક, યુવતિને મનોમન એમ થાય કે હાશ હવે તનાવ-ભાર મુક્ત થયાં. સ્નાતક કે અનુસ્નાતક થયા બાદ જામે જિંદગી તરોતાન ગુલાબ જેવી થઈ ગઈ એવો અહેસાસ થાય છે. કારણ કે આપણા દેશમાં શિક્ષણ સાચે જ ભારે 'ભાર' બનીને ચાલે છે. જીવન ઉપયોગી કંઈ નહીં તો જૉબ સંલગ્ન પરીક્ષાલક્ષી પણ કંઈ નહીં. એટલે ગોખેલી માહિતી, આંકડા, ઉદારણો અને પરીક્ષાલક્ષી માહિતીઓ એટલે બસ ભણતર પૂર્ણ. તેમાં પણ ચોરી, પેપર ફૂટી જવાં, યુનિવર્સિટી સ્તરે કૌભાંડો વગેરેના લીધે આ શિક્ષણ વાસ્તવમાં કંઈ નક્કર રહ્યું નથી. છતાં ભણનારાઓ સખ્ત પરિશ્રમ કરતા રહે છે. કેમ કે જેને શ્રમથી મેળવવું છે તે લોકો ઈશ્વરની શક્તિમાં શ્રદ્ધાવાન જોવા મળે છે કે જે ન્યાય કરવામાં કદી પક્ષપાતી નથી.

જેવું ભણવાનું કાર્ય પૂર્ણ થયું કે જિંદગીની સાચી કસોટીનો તબક્કો શરૂ થાય છે. જેનાથી યુવાવર્ગ જાણવા છતાં હંમેશાં અજાણ હોય છે. ભણેલા વર્ગ પાસે વધુમાં વધુ પ્રશ્નો અને ફરિયાદો હોય છે. બુદ્ધિથી જ બધું કામ થતું નથી તેમાં દિલની તમન્ના, ભાવુકતા, સંવેદના, ભાવ હોવો જોઈએ. તેની કેળવણી તો મળી નથી એટલે આપત્તિમાં ફસાઈ ગયા હોય તેવો ભાસ ઊભો થાય છે. હવે જ્યારે જૉબ મળી જાય કે કંઈક આર્થિક ઉપાર્જનના મામલે સ્થિતિ સારી જણાય એટલે સંતાનોને પરિવારમાં જોડવા પ્રત્યેક માતાપિતા ઉતાવળ કરતા હોય છે. ત્યારે સ્થિતિ અતિ ખરાબ હોવાનો ખ્યાલ પરિવારને આવે છે. કારણ કે પશ્ચિમની હવા ભારતને પ્રદૂષિત કરી ચૂકી છે. ભણવામાં મૈત્રી, ફરવામાં મૈત્રી, વ્યસનમાં સાથી અને પછી જાણે પરણેલાં જોડાંની જેમ રહેતાં આજના યુવક-યુવતિ સામે વાસ્તવિક કસોટી જિંદગી રજૂ કરે છે.

લગ્ન કરવાં અને જીવનભર તેને નિભાવવા એ બહુ જ અઘરો પ્રશ્ન છે, જ્યારે સ્વેચ્છાચારે માઝા મૂકી હોય. અર્થાત માબાપ દીકરા માટે છોકરી પસંદ કરે તે માન્ય ના હોય અને કૉલેજકાળ દરમિયાન જે છોકરી પસંદ હોય તે પરિવારને સ્વીકાર્ય હોય નહીં. આજના યુગમાં જ્ઞાતિ, જાતિ, રીત-રિવાજ, પરિવારની શાખ વગેરે બાબતે માબાપ થોડા વ્યવહારુ જરૂર થયા છે. છતાં આ પ્રકારની સ્થિતિમાં લગ્ન નક્કી થાય ત્યારે જાણે કે અજંપાના દોરમાં પ્રવેશવાનું કાર્ય શરૂ થઈ જતું હોય છે. યુવાવર્ગને જવાબદારી લેવી નથી, માત્ર ટાઈમપાસ કરવામાં અતિશય ઉત્સુકતા જોવા મળે છે. લગ્ન થાય પરંતુ અપેક્ષિત પ્રેમ બે પાત્રો વચ્ચે સર્જાય નહીં ત્યારે સ્થિતિ વિકૃત થાય છે. અગ્નિની સાક્ષીએ મંગળ ફેરા પણ માંગલ્ય સર્જી શકતા નથી. જેમ કે જોડાઈ રહેલાં બે પાત્રોનાં દિલમાં કોઈ અન્યની છબિ છપાયેલી હોય છે, જે વિડીયો કે ફોટાઓમાં પકડાતી નથી. જ્યાં પ્રેમનો આવિષ્કાર થઈ ચૂક્યો છે તેઓ પરિણય સુધી જઈ શકતાં નથી એટલે તેઓ જીવનભર રિબાતા રહે છે. લગ્ન વિનાના પ્રેમથી વિશ્વ છલકાઈ રહ્યું છે. ઘણીવાર આ સ્થિતિથી પરિવારો પણ સાવ અજાણ હોય છે. હકિકતમાં લગ્ન ઘણા થાય છે પરંતુ સંલગ્ન બહુ ઓછા થાય છે, જે પરિવારના અજંપામાં વૃધ્ધિ કરે છે. વધુ પડતી છૂટછાટમાંથી શિસ્ત ગાયબ થઈ જતાં સ્વેચ્છાચાર અને પાપાચાર શરૂ થઈ જાય છે, જેના માટે આજની જનરેશન જવાબદાર છે. માબાપે જે વિશ્વાસ મૂક્યો, ભણાવવા દુખ વેઠ્યા તેનો વિચાર કર્યા વિના મનસ્વી થઈ રહેવું એ માનસિક પાપ અને અધમ રસ્તો છે. ડિજીટલ યુગમાં અનેક મિત્રો અને ચૅટિંગ, ડેટિંગ, શરાબ, ગુટખા, સિગારેટ, હુક્કાબારની વિઝીટ... આ બધું અંતે જીવનને આગ ચાંપે છે. યુવાવર્ગ નશીલો અને પાવરલેસ થઈ રહ્યો છે અને શ્રીમંતોની ચકાચૌંધ રોશનીમાં ઘણી યુવતિઓ પોતાના જીવનને નષ્ટ કરે છે. લગ્ન જીવનમાં જો પ્રેમ નથી તો માત્ર મહાદુખ જ બચે છે. બીજી રીતે કહીએ તો સમર્પણ અને અર્પણ વિનાનાં લગ્નો પરિવારોને જીવતેજીવ ભસ્મ કરી દે છે. કારણ કે મૂરતિયો કે કન્યા આ વાતાવરણમાંથી જ મળવાનાં છે. જરા વિચારો કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ ? લિવ ઈન રિલેશનશીપ એ તો જાતિય સુખ માટે ઊભું કરેલુ તરકટ છે, એ લગ્ન નથી. વાત નીકળી છે તો એ પણ સમજી લઈએ કે સમાજમાં આડા-ઊભા-ત્રાંસા જે સંબંધો ઊભા થાય છે તેના પાયામાં પોતાના પાત્ર તરફથી થતી ઉપેક્ષા જ કારણભૂત છે. સ્ત્રી સાચો પ્રેમ અને હૂંફ પામવા પોતાનું સર્વસ્વ આપે છે તો પુરુષ પોતાના સુખ માટે સ્ત્રીને સ્વીકૃત કરે છે. પણ આ એક પવિત્ર સંબંધ તરીકે જો જીવનભર રચાય તો પરિણય પવિત્રતા લાવે છે. બાકી ગણિકાઓ હજારો વર્ષથી આ સમાજમાં જીવે છે, જેની જિંદગીમાં માત્ર અંધકાર જ હોય છે. લગ્ન નક્કી થતાં પહેલાં સંતાનો સાથે આ બાબતે પ્રત્યેક માબાપે સ્પષ્ટ પૂછી લેવું જરૂરી છે. કેમ કે લગ્ન બાદ સુખી દંપતિ સમાજ માટે હકારાત્મક કંઈક કરશે કારણ કે તેઓ જવાબદારી લેવા તત્પર છે. ક્ષણિક આવેગ જીવનને બરબાદ કરેછે. આ વાત આજની પેઢીએ સમજવી પડશે. જીવનને પૈસા નહીં, પ્યારની જરૂરત સૌથી વધુ હોય છે.

*તરસ છે તો આ જિંદગી સરસ છે, નહીંતર બસ કૅલેન્ડરમાં ગણેલાં વરસ છે.*





'લક્ષ્ય' આયોજિત અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે જીપીઍસસી વર્ગ-૧, ૨ના તાલીમ વર્ગનો ગુરુવારે આરંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત 'લક્ષ્ય'ના અધ્યક્ષ ઍમ બી પરમાર, ડૉ ડી ડી ડાપડિયા, આર કે પરમાર, એ બી પરમાર, નટુભાઈ પરમાર અને નિષ્ણાત ફૅકલ્ટીઝ ઉપસ્થિત રહ્યા હતા જેમણે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉલ્લેખનીય છે કે પરીક્ષાઓ યોજાય ત્યાં સુધી આ વર્ગો નિયમિત ચલાવવાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારી યાદગાર સ્કૂલ'